અનુસંધાન... પાના પહેલાનું

તમિલનાડુના નવ...

2020ના રોજ બની હતી જ્યારે લોકડાઉનના નિયમોના ભંગ બદલ પિતા-પુત્રને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. મેજિસ્ટ્રેટના રિપોર્ટ મુજબ, તેમના શરીર પર 18 ગંભીર ઈજાઓ હતી. પોલીસ સ્ટેશનમાં તેમને લાઠીઓથી બેરહેમીથી ફટકારવામાં આવ્યા હતા અને પુરાવા નષ્ટ કરવાનો પણ પ્રયાસ થયો હતો. ટોર્ચર દરમિયાન પોલીસે એટલી ક્રૂરતા કરી હતી જેનું વર્ણન પણ ન કરી શકાય. 22 અને 23 જૂનના રોજ જેલમાં જ બંનેના મોત નિપજ્યા હતા. આ ઘટનાથી સમગ્ર દેશમાં રોષ ફાટી નીકળ્યો હતો. તપાસ દરમિયાન પોલીસકર્મીઓએ ન્યાયિક ટીમને ડરાવવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે ન્યાયતંત્રએ કડક વલણ અપનાવીને પોલીસ હિંસા સામે એક મોટો દાખલો બેસાડ્યો છે.

સુપ્રીમનો બંગાળ...

ઘેરાવ કરવામાં આવ્યો ત્યારે નાગરિક વહીવટીતંત્ર પરિસ્થિતિ સંભાળવામાં નિષ્ફળ રહ્યું હતું.

જસ્ટિસ બાગચીએ કહ્યું, જિલ્લા મેજિસ્ટ્રેટ અને નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ માત્ર જોઈ રહ્યા હતા. તેઓએ કહ્યું કે શું કરી શકાય, ત્યાં સેંકડો મહિલાઓ હાજર છે. તે સ્થળે સેંકડો લોકોને એકઠા થવા કેવી રીતે દેવાયા? સ્થાનિક પોલીસ પર વિશ્વાસ કરી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે NIA ને આ ઘટનાના મુખ્ય સૂત્રધારની પૂછપરછ કરવા નિર્દેશ આપ્યો હતો અને કહ્યું હતું કે આ એક સુનિયોજિત અને હેતુપૂર્વકની ઘટના જણાય છે.

એસઆઈઆર અંગે અદાલતી અધિકારીઓ કાર્યરત છે ત્યાં કેન્દ્રીય દળો તૈનાત કરો

અદાલતે ચૂંટણી પંચને એવા સ્થળોએ પર્યાપ્ત કેન્દ્રીય દળો તૈનાત કરવા નિર્દેશ આપ્યો હતો જ્યાં અદાલતી અધિકારીઓ કાર્યરત છે. નોંધનીય છે કે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના 700 જેટલા ન્યાયિક અધિકારીઓ હાલમાં 60 લાખથી વધુ વાંધાઓના નિકાલ માટેની પ્રક્રિયામાં તૈનાત છે. કોર્ટે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના પત્રના આધારે આ મામલે સ્વતઃ સંજ્ઞાન લીધું હતું, જેમાં માલદાના કાલિયાચક વિસ્તારમાં ત્રણ મહિલા ન્યાયાધીશો સહિતના અધિકારીઓને ટોળા દ્વારા નવ કલાક સુધી ખોરાક કે પાણી વિના બંધક બનાવવાની ઘટનાની વિગત આપવામાં આવી હતી.

ચીફ જસ્ટિસના...

કે તમે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો ફોન પણ ઉપાડી શકતા નથી. મુખ્ય સચિવે કહ્યું, મને કોઈ પણ મુખ્ય ન્યાયાધીશનો ફોન આવ્યો ન હતો. હું એક બેઠક માટે દિલ્હી આવ્યો હતો. બપોરે 2 વાગ્યાથી સાંજના 4:30 વાગ્યા સુધી હું ફ્લાઇટમાં હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજ્યના અધિકારીઓને જે રીતે લાડ કરાવાઇ રહ્યા છે તે ચિંતાજનક છે.

અરુણાચલના CM...

છે અને ભંડોળની લેવડદેવડ કેવી રીતે થઈ છે. બેન્ચે સ્પષ્ટ કર્યું કે આ અવલોકનો માત્ર સ્વતંત્ર તપાસની જરૂરિયાત નક્કી કરવા માટે જ કરવામાં આવ્યા છે. બેન્ચે નોંધ્યું કે જ્યારે મામલો જાહેર ખરીદીની પ્રામાણિકતા અને ઉચ્ચ સ્તરે 'હિતોના સંઘર્ષ' સાથે જોડાયેલો હોય, ત્યારે તપાસ માત્ર નિષ્પક્ષ હોવી જોઈએ એટલું નહીં, પણ તે નિષ્પક્ષ દેખાવી પણ જોઈએ.

દિલ્હી વિધાનસભા...

ડ્રાઈવર સહિત ત્રણ લોકોની અટકાયત કરી છે અને વાહન જપ્ત કર્યું છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સહિત પોલીસની અનેક ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કોઈ પણ જોખમ ન રહે તે માટે સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશ રજિસ્ટ્રેશન ધરાવતી આ કાર બપોરે લગભગ ૨ વાગ્યે ગેટ નંબર 2ની સુરક્ષા તોડીને વિધાનસભા પરિસરમાં દાખલ થઈ હતી.

કાર પાંચ મિનિટ સુધી અંદર રહી અને આરામથી નિકળી ગઈ

સ્પીકરના મીડિયા હેડ અને ડેપ્યુટી ડાયરેક્ટર કંચન આઝાદે જણાવ્યું હતું કે, તે ખાસ કરીને ચિંતાનો વિષય છે કે કાર બંધ દરવાજો તોડવામાં સફળ રહી અને કોઈપણ એલાર્મ વગર લગભગ પાંચ મિનિટ સુધી પરિસરની અંદર પાર્ક રહી. તેમણે જણાવ્યું કે દિલ્હી વિધાનસભામાં છ ગેટ છે. ગેટ નંબર ૨ ને VIP ગેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે અને તે માત્ર મહત્વપૂર્ણ કાર્યક્રમો દરમિયાન જ ખોલવામાં આવે છે, જ્યારે ગેટ નંબર ૧ અને સર્વિસ ગેટનો ઉપયોગ નિયમિત અવરજવર માટે થાય છે. દિલ્હી સચિવાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટનાએ "ગંભીર" સુરક્ષા ચિંતાઓ ઊભી કરી છે, અને સત્તાવાળાઓ તેને સંભવિત સુરક્ષા ભંગ તરીકે જોઈ રહ્યા છે.

મુખ્ય આરોપી કિસાન આંદોલન સાથે સંકળાયેલો હતો

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશના પીલીભીતના રહેવાસી ૩૦ વર્ષીય સરવજીત સિંહ તરીકે ઓળખાયેલો આરોપી કિસાન આંદોલનનો ટેકેદાર હોવાનું માનવામાં આવે છે. ઉત્તર પ્રદેશ પોલીસ પીલીભીતમાં સિંહના નિવાસસ્થાને પહોંચી હતી અને તેના પરિવારના સભ્યોની પૂછપરછ કરી હતી, જેમણે દાવો કર્યો હતો કે તે માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓથી પીડાતો હતો અને તેની સારવાર ચાલી રહી હતી.

45 દિવસ યુદ્ધવિરામનો...

પ્રેસ'ને જણાવ્યું હતું કે, અમે માત્ર યુદ્ધવિરામ સ્વીકારીશું નહીં. અમે માત્ર યુદ્ધનો અંત જ સ્વીકારીશું, એ પણ એવી ખાતરી સાથે કે અમારા પર ફરી ક્યારેય હુમલો કરવામાં આવશે નહીં. ટ્રમ્પ ઈચ્છે છે કે તેહરાન હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી કરે, અન્યથા તેના પાવર પ્લાન્ટ્સ અને પુલ પર હુમલો કરવામાં આવશે. ફેરદૌસી પોરે જણાવ્યું હતું કે ઈરાની અને ઓમાની અધિકારીઓ આ શિપિંગ પોઈન્ટના વહીવટ માટે એક મિકેનિઝમ પર કામ કરી રહ્યા છે. ઈરાનનો પ્રતિસાદ ૧૦-કલમના માળખા તરીકે તૈયાર કરવામાં આવ્યો છે જે માત્ર તાત્કાલિક યુદ્ધવિરામ સુધી સીમિત નથી. તેના મુખ્ય ભાગમાં, ઈરાન માત્ર પોતાની સરહદોની અંદર જ નહીં, પરંતુ લેબનાન અને ગાઝામાં પણ યુદ્ધના કાયમી અંતની માંગ કરી રહ્યું છે, સાથે જ એવી મક્કમ ખાતરી પણ ઈચ્છે છે કે આ સંઘર્ષ ફરી શરૂ થશે નહીં. આ ઉપરાંત, તે હોર્મુઝની સામુદ્રધુની પર પોતાના નિયંત્રણની માન્યતા ઈચ્છે છે, જેમાં તે માર્ગ પરથી પસાર થતા જહાજોના ટ્રાફિકનું નિયમન કરવા અને ટોલ (ટેક્સ) ઉઘરાવવાના અધિકારનો પણ સમાવેશ થાય છે.

ઈરાનમાં હવાઈ હુમલામાં ૨૫નાં મોત, ટેક યુનિવર્સિટીને નિશાન બનાવાઈ

સોમવારની સવારે થયેલા હવાઈ હુમલાઓ પૈકી એકમાં તેહરાનની શરીફ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજીને નિશાન બનાવવામાં આવી હતી. ઈરાની મીડિયાના અહેવાલ મુજબ, આ હુમલામાં યુનિવર્સિટીના મકાનો તેમજ કેમ્પસની બાજુમાં આવેલા ફુદરતી ગેસ વિતરણ મથકને નુકસાન થયું છે. ઈરાનમાં હાલના હવાઈ હુમલામા ૨૫નાં મોત થયા હોવાનું જાણવા મળે છે. યુનિવર્સિટીના મેદાનમાં કયા ચોક્કસ સ્થળને નિશાન બનાવવામાં આવ્યું હતું તે તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી. હાલમાં યુદ્ધના કારણે દેશની તમામ શાળાઓમાં ઓનલાઈન વર્ગો ચાલી રહ્યા હોવાથી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની હાજરી નહોતી. જોકે, ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ (જે દેશના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા સંચાલિત છે) સાથેના જોડાણને કારણે પાછલા વર્ષોમાં અનેક દેશોએ આ યુનિવર્સિટી પર પ્રતિબંધો મૂકેલા છે. ઈરાનમાં હુમલાઓમાં અત્યાર સુધી ૧૯૦૦થી વધુના મોત થયા હોવાનું કહેવાય છે.

ઇરાનમાં એક રહેણાક...

સત્તાવાર સમાચાર એજન્સી ફાર્સ અને નૂર ન્યૂઝે એસ્લામશહર નજીક થયેલા આ હુમલાની જાણ કરી હતી. જો કે, આ ઈમારતને શા માટે નિશાન બનાવવામાં આવી હતી તે સ્પષ્ટ થઈ શક્યું નથી. સોમવારે વહેલી સવારે થયેલા આ હુમલાની જવાબદારી ઈઝરાયેલ કે અમેરિકા, બંનેમાંથી કોઈએ સ્વીકારી નથી, પરંતુ આ હુમલા ટ્રમ્પ દ્વારા ઈરાનને અપાયેલી ઉગ્ર ધમકી બાદ થયા છે, જેમાં ટ્રમ્પે ઈરાનને હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે કડક શબ્દોમાં ચેતવણી આપી હતી.

ટ્રમ્પ લાલઘૂમ...

પડશે.' તેમણે વધુમાં ઉમેર્યું કે જો મંગળવાર રાત સુધીમાં સમજૂતી નહીં થાય તો તેના ગંભીર પરિણામો આવશે. ટ્રમ્પે તો ત્યાં સુધી કહ્યું કે જો અમેરિકા અત્યારે હુમલો કરે તો ઈરાનને બેઠું થતા 15 વર્ષ લાગી શકે છે.

ઇરાનના ગુપ્તચર વડાને...

ખતમ કરી રહ્યા છીએ. ઈરાનના નેતાઓ અત્યારે સતત નિશાન બનવાના ભય હેઠળ જીવી રહ્યા છે. અમે એક પછી એક તેમનો શિકાર કરવાનું ચાલુ રાખીશું. કાળે વધુમાં ઉમેર્યું હતું કે ઈઝરાયેલે ઈરાનના સ્ટીલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. કાળે કહ્યું કે, અમે ઈરાનના રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ક્ષતિગ્રસ્ત કરવાનું ચાલુ રાખીશું, જે આ આતંકવાદી શાસનના પતન અને તેની આતંક ફેલાવવાની તેમજ ઈઝરાયેલ પર હુમલો કરવાની ક્ષમતાઓને નબળી પાડવા તરફ દોરી જશે.

દિલ્હી ડાયરી...

ભૂમિકાઓ સ્પષ્ટ કરવા માટે 'કોર્પોરેટ ગવર્નન્સ ફ્રેમવર્ક' તૈયાર કર્યું હતું. તેમની આશંકા હતી કે થોડા વર્ષો પછી ટ્રસ્ટ ખોટા લોકોના હાથમાં જઈ શકે છે. તેઓ ૨૪ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ તાતા સન્સની બોર્ડ મીટિંગમાં આ ફ્રેમવર્કનો પ્રારંભિક મુસદ્દો રજૂ કરવાના હતા, પરંતુ મીટિંગની થોડી મિનિટો પહેલા જ તેમને પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા.

સમાજવાદી પાર્ટીનો 'ડિજિટલ ડાયલોગ': નવી પહેલ કે ભાજપની નકલ?

સમાજવાદી પાર્ટી દ્વારા તાજેતરમાં સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ અને યુટ્યુબર્સ સાથે આયોજિત 'ડિજિટલ ડેમોક્રસી ડાયલોગ' પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવની ઉપજ હોવાનું કહેવાય છે.

એક પાઈલોટને બચાવવા માટે અમેરિકાએ કરોડો ડોલરનું નુકસાન કેમ વહોરી લીધું?

અમેરિકા દ્વારા દાવો કરવામાં આવતો હતો કે તેણે ઈરાનના વાયુદળને સંપૂર્ણપણે ખતમ કર્યું છે. આ દાવાને ખોટો પુરવાર કરતાં ઈરાને અમેરિકાનાં અદ્યતન F-15E ફાઇટર જેટને ફૂંકી મારીને અમેરિકાનું નાક કાપ્યું છે. હકીકતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં પહેલી વખત અજેય ગણાતા અમેરિકાના ફાઇટર જેટને તોડી પાડવામાં આવ્યું છે. ઈરાનના સૈન્ય દ્વારા ખભા ઉપર ઉપાડી શકાય તેવાં મિસાઇલ વડે આ ફાઇટર જેટ તોડી પાડવામાં આવ્યું છે. આ ફાઇટર જેટના બે પાઇલોટો પૈકી એક બચી ગયો હતો, પણ બીજો ઈરાનના પહાડો વચ્ચે રઝળી પડ્યો હતો. જો આ બીજો પાઇલોટ ઈરાનના હાથમાં આવી જાય તો તેને જીવતો રાખવા માટે ઈરાન દ્વારા જબરદસ્ત સોદાબાજી કરવા ઉપરાંત તેની પાસેથી અમેરિકાના સૈન્યની સંવેદનશીલ માહિતી કઢાવી શકે તેવો ભય હતો. આ કારણે અમેરિકા દ્વારા રઝળી પડેલા પાઇલોટને બચાવવા માટે દિલધડક મિશન હાથ ધરવામાં આવ્યું હતું. આ મિશન બાહ્ય રીતે સફળ થયું હતું. પણ એક પાઇલોટને બચાવવા માટે અમેરિકાએ તેનાં વાયુદળનાં બે વધુ વિમાનો અને એક હેલિકોપ્ટર કુરબાન કરી દેવાં પડ્યાં હતાં.

બે ક્રૂ સભ્યો સાથેનું અમેરિકાનું એક F-15E ફાઇટર જેટ 3 એપ્રિલે ઈરાન ઉપર IRGC દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. પાઇલોટ અને ગનર બચી ગયા હતા. પરંતુ તેમને ઈરાનની જમીનમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. પાઇલોટને કલાકોમાં બચાવી લેવામાં આવ્યો હતો, પણ ગનરની શોધમાં અમેરિકન દળો દ્વારા ક્યારેય ન જોયેલું ભૂમિ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઈરાનના શાસન સાથે જોડાયેલા ટી.વી.એ અમેરિકન પાઇલોટ પર ઇનામ જાહેર કર્યું હોવાથી ઈરાની સૈનિકોએ તેની શોધખોળ શરૂ કરી હતી. ઘાયલ પાઇલોટ લગભગ બે દિવસ સુધી ખડકાળ પર્વતોમાં છુપાઈ રહ્યો હતો. અમેરિકાના સ્પેશ્યલ ફોર્સ, સીઆઇએ, ડ્રોન, ટ્રાન્સપોર્ટ પ્લેન અને હેલિકોપ્ટરને મિશનમાં ઊતારવા પડ્યાં હતાં. તેમાંથી કેટલાંક વિમાનોને પાછળથી ઈરાનની ભૂમિ પર જ અમેરિકા દ્વારા ઉડાવી દેવામાં આવ્યાં હતાં, જેથી તેઓ દુશ્મનના હાથમાં ન જાય.

આ નાટક 3 એપ્રિલના રોજ વહેલી સવારે શરૂ થયું, જ્યારે એક અમેરિકન F-15E સ્ટ્રાઇક ઈગલને ઈરાન ઉપર ગોળી મારી દેવામાં આવી હતી. પાઇલોટ દૂરના પર્વતીય વિસ્તારમાં ઊતર્યો અને લગભગ ૪૮ કલાક સુધી ગુમ રહ્યો હતો. ઈરાની દળોએ અને સ્થાનિક લશ્કરે તરત જ તેમની શોધ શરૂ કરી હતી. ઈરાને સ્થાનિક લોકોને ગુમ થયેલા અમેરિકનને શોધવામાં મદદ કરવા પણ વિનંતી કરી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલો આ પાઇલોટ ઈરાનના ઝાગ્રોસ પર્વતોમાં છુપાઈ ગયો હતો. કલાકો સુધી તે ઓળખ ન થાય તે માટે કાળજીપૂર્વક આગળ વધતો રહ્યો હતો. પાઇલોટને બચાવવા માટે મોટા પાયે કામગીરીની જરૂર હતી. તેમાં અમેરિકાના સ્પેશ્યલ ફોર્સ, ડ્રોન, હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટ પ્લેન અને એલિટ યુનિટો બધાં જ સામેલ હતાં. ૨૦૦ થી વધુ અમેરિકન કમાન્ડોએ તેમાં ભાગ લીધો હતો. તેમને ઈરાનની જમીન પર ઊતારવા માટે ઈરાની સૈન્ય દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી જૂની હવાઈ પટ્ટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અમેરિકાએ ઈરાની દળોને ગેરમાર્ગે દોરવા માટે ગુપ્તચર ટીમો અને CIA ની છેતરપિંડીની યુક્તિઓનો પણ ઉપયોગ કર્યો હતો. ખોટા અહેવાલો ફેલાવવામાં આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાઇલોટને પહેલાંથી જ બચાવી લેવામાં આવ્યો છે. ઈરાની શોધ ટીમોને F-15E પાઇલોટના વાસ્તવિક સ્થાનથી દૂર કરવા માટે ખોટા સંકેતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ખાસ દળોની ટીમો આખરે પહાડોમાં ઘાયલ અધિકારી સુધી પહોંચી, પરંતુ તેને શોધી

કાઢ્યા પછી પણ મિશન લગભગ નિષ્ફળ ગયું હતું. કેટલાંક પરિવહન વિમાનો અને હેલિકોપ્ટર ભંગાર જેવી કામચલાઉ હવાઈ પટ્ટી છોડી શક્યાં નહીં. યાંત્રિક સમસ્યાઓ, ઉબડખાબડ ભૂપ્રદેશ અને દુશ્મનના ગોળીબારના જોખમને કારણે ટેકઓફ ખૂબ જોખમી બન્યું હતું. ત્યાર બાદ અમેરિકન કમાન્ડરોએ એક કડક નિર્ણય લીધો. તેમણે સંવેદનશીલ સાધનો કબજે થવાનું જોખમ લેવાને બદલે ઈરાનની અંદર પોતાનાં કેટલાંક વિમાનોનો નાશ કર્યો હતો. ઓનલાઇન ફરતા ફોટોમાં નાશ પામેલા MC-130 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને MH-6 લિટલ બર્ડ હેલિકોપ્ટરનો કાટમાળ દેખાય છે. F-15E ને તોડી પાડવું એ પોતે જ એક મોટું નુકસાન હતું. F-15E ની કિંમત ૧૦ કરોડ ડોલર સુધી હોઈ શકે છે. આ ઉપરાંત ઓપરેશન દરમિયાન ઉપયોગમાં લેવાતાં પરિવહન વિમાન, હેલિકોપ્ટર, ડ્રોન, બળતણ, દારૂગોળો અને હવાઈ સહાય ઉમેરો, જેનો અમેરિકન સૈનિકોએ નાશ કર્યો હતો. આ ખર્ચ કરોડો ડોલરમાં પહોંચે છે. બચાવ અભિયાન દરમિયાન કોઈ અમેરિકન સૈનિકનું મોત થયું ન હતું, પરંતુ આ કામગીરીમાં મોટા પ્રમાણમાં અમેરિકાનાં ફાઇટર તથા પરિવહન વિમાનોનો નાશ થયો હતો. આ યુદ્ધમાં અમેરિકાને પહેલાંથી જ ઘણા અબજો ડોલરોનું નુકસાન થયું છે.

ઈરાન પર સૈન્ય મોકલવા ઉતાવળા થયેલા ડોનાલ્ડ ટ્રમ્પ હવે શું કરશે? તેના પર આખી દુનિયાની નજર છે. જો ટ્રમ્પ જમીન પર સૈનિકો મોકલવાનું નક્કી કરે તો ઈરાનના સૌથી મોટા તેલ નિકાસ કેન્દ્ર, ખાર્ગ ટાપુને વોશિંગ્ટનના સંભવિત લક્ષ્ય તરીકે જોવામાં આવી રહ્યું છે, કારણ કે તેના પર કબજો કરવાથી ઈરાનની અર્થવ્યવસ્થાને ભારે ફટકો પડી શકે છે. એવી ચર્ચા છે કે ટ્રમ્પ સમૃદ્ધ યુરેનિયમ મેળવવા માટે મર્યાદિત ભૂમિ કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે. આવાં મિશનમાં સેંકડો કે હજારો કર્મચારીઓ સામેલ થઈ શકે છે અને તેમને નોંધપાત્ર જોખમમાં મૂકી શકે છે.

નિષ્ણાતો ચેતવણી આપે છે કે આવી કામગીરી લોજિસ્ટિકલી જટિલ, લાંબી અને જાનહાનિ થવાની સંભાવના ધરાવતી હશે, જેમાં સફળતાની કોઈ ગેરંટી નથી. F-15E એરમેન માટે શરૂ કરાયેલ બચાવ મિશન દર્શાવે છે કે ઈરાનની અંદર એક નાનું ઓપરેશન પણ કેટલું જોખમી બની શકે છે. પર્વતોમાં છુપાયેલા એક અધિકારીને શોધવા માટે વિશાળ મલ્ટી એજન્સી લશ્કરી પ્રયાસની જરૂર હતી. જ્યારે ભૂપ્રદેશે ખરેખર અમેરિકન એરમેનને ટકી રહેવા અને છુપાયેલા રહેવામાં મદદ કરી હતી, ત્યારે ખાર્ગ ટાપુ પર પરિસ્થિતિ અલગ હશે. ખાર્ગ ટાપુ સપાટ, વધુ ખુલ્લો અને વધુ વસ્તી ધરાવતો છે. તે ઈરાની લશ્કરી સ્થળો, બંદરો અને રસ્તાઓની નજીક પણ છે, જેનું તેહરાનનું IRGC તેની બધી શક્તિથી રક્ષણ કરે છે. જો અમેરિકન સૈનિકો ત્યાં ફસાઈ જાય તો તેઓ કોઈ પર્વતની ટેકરી પર છુપાયેલા નહીં હોય. તેઓ કોઈ રિફાઇનરી સંકુલ, ભૂગર્ભ ગુફા, કોઈ નગર કે શહેરી વિસ્તારમાં ફસાઈ શકે છે, જ્યાં નજીકમાં ભારે ઈરાની સૈનિકો તૈનાત હશે.

તાજેતરના અમેરિકન બચાવ મિશનમાં ફક્ત એક પાઇલોટનો સમાવેશ થતો હતો. ખાર્ગ ટાપુ પર ભૂમિ કાર્યવાહી અથવા સમૃદ્ધ યુરેનિયમ કબજે કરવાના પ્રયાસમાં સેંકડો કે હજારો સૈનિકો સામેલ થઈ શકે છે. જો કંઈક ખોટું થાય, તો અમેરિકા ફક્ત બે વિમાન ગુમાવશે નહીં, પણ હજારો સૈનિકોના જીવ જોખમમાં મૂકાઈ જશે. આવી પરિસ્થિતિમાં લાંબા ગોળીબાર, ભારે જાનહાનિ, નુકસાન પામેલા લશ્કરી હાર્ડવેર અને અબજો ડોલરનાં શસ્ત્રોનો નાશ થઈ શકે છે. પાઇલોટના બચાવથી કદાચ એ સાબિત થયું હશે કે અમેરિકા ઈરાનમાં અંદર સુધી કામગીરી કરી શકે છે, પરંતુ તેનાથી એ પણ ખુલાસો થયો કે તેમાં દુર્ઘટના માટે ખરેખર કેટલી મોટી સંભાવના હતી. એક ઘાયલ પાઇલોટે અમેરિકાને એક પ્રતિકૂળ પ્રદેશમાં એક નાનકડું યુદ્ધ શરૂ કરવા મજબૂર કર્યું હતું. મિશન સફળ થયું, પાઇલોટ જીવતો ઘરે પાછો ફર્યો, પરંતુ આગમાં હોમાઈ ગયેલી કરોડો ડોલરની સંપત્તિ ઈરાનમાં મોટું અમેરિકન ભૂમિ યુદ્ધ કેવું થઈ શકે છે, તેનો સ્પષ્ટ સંકેત હોઈ શકે છે. કદાચ આ વાતનો ખ્યાલ આવતાં ડોનાલ્ડ ટ્રમ્પ બેબાકળા થયા છે અને ગાળાગાળી કરી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ ઓપરેશન દરમિયાન અમેરિકન સૈનિકોએ ઉપયોગમાં લેવાયેલાં પરિવહન વિમાનો, હેલિકોપ્ટર, ડ્રોન, બળતણ, દારૂગોળો અને હવાઈ સાધનોનો નાશ કર્યો હતો

પશ્ચિમ રેલવે દ્વારા ઉધના - જયનગર વચ્ચે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

ટ્રેન નંબર	ક્યાંથી - ક્યાં સુધી	સેવાની તારીખ	ઉપડવાનો સમય	પહોંચવાનો સમય
09061	ઉધના - જયનગર	12.04.2026	01:30 કલાકે (રવિવાર)	14:30 કલાકે (બીજા દિવસે)
09062	જયનગર - ઉધના	13.04.2026	17:30 કલાકે (સોમવાર)	06:15 કલાકે (બુધવાર)

હોલ્ટ્સ: ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિયોકી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, દિલદારનગર, બક્સર, રઘુનાથપુર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, બરૌની, સમસ્તીપુર, દરભંગા અને મધુબની સ્ટેશનો પર બંને દિશામાં.

કોચનું માળખું: જનરલ સેકન્ડ ક્લાસ કોચિસ.

નોંધ: સ્ટોપેજના સમય અને કોચની વિગતો માટે મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે. આ સ્પેશિયલ ટ્રેન સ્પેશિયલ ભાડા પર દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો: facebook.com/WesternRly | X.com/WesternRly | Instagram.com/WesternRly | https://www.youtube.com/@WesternRly | https://bit.ly/WesternRailwayOfficial

તમામ રિઝર્વ્ડ ટિકિટો માટે કૃપા કરીને અસલ ઓળખ પત્ર સાથે રાખવું.

HDFC BANK | **એચડીએફસી બેન્ક લિમિટેડ** | પઝેશન નોટિસ

બ્રાન્ચ સરનામું : ૨૦૧-૨૦૪, રિદ્ધિ શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેર્સ સામે, અડાજણ-હજીરા રોડ, સુરત-૩૯૫૦૦૯.

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં એચડીએફસી લિ., જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર એચડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ફલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની ફલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી સૂચિત બી. મિસ્ત્રી (બોરોઅર) ૨૧૧૩૭૨-ઈ૧૩૧૦૪ઈ૫૯	રૂા. ૩,૬૪,૩૮૫/- ૩૦ નવે., ૨૦૨૫ના રોજ*	૦૫ જાન્યુ., ૨૦૨૬	૦૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલિક	૨૩૦, હરે કિષ્ના સોસાયટી, સ.નં. ૬૭/૨, બ્લોક-૩૪૧, બાપા સાંઈ સીતારામ સોસાયટી પાછળ, મહાદેવ મંદિર પાસે, કવાસ, સુરત-૩૯૪૧૫૫.
૨	શ્રી કેતન બાબુભાઈ રાવલ (બોરોઅર) શ્રીમતી વીમળાબેન બાબુભાઈ રાવલ (કો-બોરોઅર) ૨૦૫૧૭૬-૭૦૨૨૩૩૪૯૪, ૬૮૧૪૨૩૬૦૩, ૬૫૯૮૪૨૧૪૮, ૬૫૮૭૫૦૫૯૬	રૂા. ૧૨,૬૨,૬૨૭/-, રૂા. ૩૮,૦૪૩/-, રૂા. ૪,૪૨,૬૮૬/- અને રૂા. ૪,૮૫,૬૩૨/- અનુક્રમે ૩૦ નવે., ૨૦૨૫ના રોજ*	૦૮ જાન્યુ., ૨૦૨૬	૦૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-સી/૨૦૧, બીજો માળ, પાર્થ કોમ્પલેક્ષ, રે.સ.નં. ૫૦૬ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), એફ.પી.નં. ૯૨, અશોકનગર સામે, જેકેપી નગર પાસે, કતારગામ - સિંગણપોર રોડ, કતારગામ, સુરત-૩૯૫૦૦૪.
૩	શ્રી ચંદુભાઈ કાચા (બોરોઅર) શ્રીમતી હર્ષાબેન ચંદુભાઈ કાચા (કો-બોરોઅર) ૨૧૧૪૧૪-ઈ૮૪૧૮૯૦૧, ૬૪૫૨૦૪૦૮૮, ૬૮૬૨૯૨૮૩૭	રૂા. ૯,૭૦,૬૭૬/-, રૂા. ૩,૬૩,૩૩૨/- અને રૂા. ૨૩,૪૮૫/- અનુક્રમે ૩૦ નવે., ૨૦૨૫ના રોજ*	૦૫ જાન્યુ., ૨૦૨૬	૦૪ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-એ/૬૮-૩૦૨ - પ્લ